# શહેરમાં શરદી, ખાંસી અને તાવના વાવર

## મિશ્ર ઋતુ અને હવા પ્રદુષણ કારણભૂત દરદીઓથી દવાખાના ઉભરાયા

ગાંધીનગર, તા.૨૯

ગરમી અને ઠંડી એમ બે ઋતુના ચક્કરમાં લોકો બિમારીના ખપ્પરમાં હોમાયા છે. શરદી, ખાંસી અને તાવના દર્દીઓ શહેરમાં દિન પ્રતિદિન વધી રહ્યા છે. જેમાં દીપાવલી પર્વથી સર્જાયેલું હવા પ્રદુષણ અને મીશ્ર ઋતુ આ રોગ પેદા કરવામાં કારણભૂત મનાઈ રહ્યું છે. શહેરના સરકારી અને ખાનગી દવાખાનાઓ હાલ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. જો કે હવામાનના ફેરફારો થકી રોગ પ્રતિકારક શકિત ઘટી જતા આમ બનતું હોવાનું તબીબોનું મંતવ્ય છે.

ગાંધીનગર શહેરની સરકારી હોસ્પિટલ તથા ખાનગી હોસ્પિટલો હાલ શરદી, ખાંસી અને તાવના દરદીઓથી છલકાઈ રહી છે. મિશ્ર ઋતુમાં ઠંડી અને ગરમીના અહેસાસ થકી લોકો બિમારીમાં સપડાઈ ગયા છે. વધુમાં દિપાવલી પર્વ નિમિત્તે ફટાકડાના ધુમાડાથી સમગ્ર શહેર હવા પ્રદુષણના સકંજામાં આવી જતાં લોકો ખાંસી અને શરદીનો ભોગ બનવા લાગ્યાં છે. શહેરમાં ઘેર ઘેર એકથી બે વ્યકિત આ રોગની અસરમાં જોવા મળી રહ્યા છે. શિયાળાનું પૂર્ણ પણે આગમન થયું નથી જેથી મોડી સાંજથી વહેલી સવાર સુધી ફુલ ગુલાબી ઠંડી લાગી રહી છે તો બપોર પછી પંખા કે એસી વગર ન રહી શકાય તેવી ગરમી લાગે છે આમ ડબલ વાતાવરણ થકી લોકો બિમાર પડી રહ્યા છે.

શહેરી સરકારી હોસ્પિટલમાં દૈનિક ઓપીડીમાં દિન પ્રતિદિન દસથી વીસ ટકા દર્દીઓ વધી રહ્યા છે તો ખાનગી દવાખાનામાં પણ લાંબી લાઈનો નજરે પડી રહી છે. શરદી ખાંસી થકી શરીરમાં અસહ્ય દુ:ખાવો તાવને નોંતરી રહ્યો છે જે અંગેની નિષ્કાળજી લોકોને ફલ્યુ અથવા નિમોનીયા જેવા મહાકાય રોગમાં ઢસડી જતા હોય છે. જો કે શહેરના તબીબો દર્દીઓને નિયમિત સારવાર લેવા તથા વાતાવરણ મુજબનો ખોરાક અને કપડાં પહેરવા આગ્રહ સેવી રહ્યા છે. તેમજ હાલના વાતાવરણથી રોગ પ્રતિકારક શકિતઓમાં ઘટાડો થવાથી લોકો જલ્દીથી બિમાર થઈ જતાં હોવાનું મંતવ્ય પણ વ્યકત કરી રહ્યા છે.





છઠ્ઠ પૂજા - આથમતા સૂર્યને અર્ગ્ય આપી વંદના કરવાની અનોખી પરંપરા ઉત્તર ભારતના અને પૂર્વ ભારતના રાજ્યોમાં છઠ્ઠ પૂજાનો મહિમા મોટો છે... અમદાવાદમાં વસતા બિહાર અને ઓરિસ્સાના નાગરિકો પ્રતિ વર્ષ સાબરમતીના કિનારે છઠ્ઠ પૂજા ઉત્સવ ઉજવે છે... બુધવારની સાંજે સેંકડો મહિલાઓ ઈન્દિરા બ્રીજ પાસે નદી કિનારે સૂર્યનારાયણને અર્ગ્ય અર્પણ કરી સુખ, સંપત્તિ અને સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી હતી... આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ અમીતભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. ભાજપના પ્રદેશ પદાધિકારીઓ અને નાગરિકો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.

# આઈએસમાં સામેલ થઈ જવા ઈચ્છુક શખ્સની ધરપકડ

## ગુગલના પૂર્વ કર્મચારીની ધરપકડ કરાઈ : સર્ચ એન્જિન ગુગલના ભૂતપૂર્વ સોફટવેર એન્જિનિયરની ધરપકડ બાદ નવી વિગતો ખુલે તેવી પ્રબળ સંભાવના છે

અમદાવાદ,તા. ૨૯

સર્ચ એન્જિન ગુગલના એક પૂર્વ કર્મચારીની ઈરાકના ખૂંખાર ત્રાસવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટમાં સામેલ થવાના પ્રયાસ બદલ ધરપકડ કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. પોલીસે કહ્યું છે કે, આતંકવાદી સંગઠનમાં સામેલ થવાની ઈચ્છા ધરાવનાર શખ્સની ધરપકડ કરાયા બાદ તેની પુછપરછ ચાલી રહી છે. ભારતમાં જેહાદીઓના મોટા નેટવર્કના પર્દાફાશ માટે પણ પ્રયાસ ચાલી રહ્યા છે. પોલીસે કહ્યું છે કે, અધિકારીઓ મહિનાઓથી મુરસીદાબાદ નિવાસી ૩૦ વર્ષીય સિક્યુરિટી નિષ્ણાત મુનવ્વદ સલમાનની વાતચીત ઉપર નજર રાખી રહ્યા હતા જ્યારે પોલીસને ખાતરી થઈ ગઈ છે કે, સલમાનનો ઈરાદો સાઉદી અરબ જઈને ઈરાકમાં ઘુસણખોરી કરવા અને ત્યારબાદ ઈસ્લામિક સ્ટેટમાં સામેલ થવાનો છે ત્યારે તેને અટકાયતમાં લઈ લેવામાં આવ્યો છે. પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, સલમાન પાસેથી વધુ માહિતી એકત્રિત કરવાના પ્રયાસ ચાલી રહ્યા છે. તાજેતરના સમયનો આ એવો પ્રથમ દાખલો છે જેમાં કોઈ સોફટવેર એન્જિનિયર ઈસ્લામિક સ્ટેટ જેવા ખતરનાક આતંકવાદી સંગઠનમાં સામેલ થવાની ઈચ્છા ધરાવતોહતો. આ ધરપકડ ખુબ જ મહત્વપૂર્ણ છે. કારણ કે, આતંકવાદથી પ્રભાવિત થયેલા ભણેલા ગણેલા લોકો સુધી પહોંચવા આ એક મહત્વપૂર્ણ કડી સાબિત થઈ શકે છે. સોફટવેર એન્જિનિયર સલમાન છ મહિના અગાઉ ગુગલ ઈન્ડિયાની નોકરી છોડી ચુક્યો છે. ત્યારથી તે સતત પ્રયાસોમાં લાગેલો હતો. આઈએસની ગતિવિધિથી તે પ્રભાવિત હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આઈએસ ઈરાક અને સિરિયામાં ભારે આતંક મચાવનાર ત્રાસવાદી સંગઠન તરીકે છે તેની સામે અમેરિકા સહિતના દેશો દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# સૌરાષ્ટ્ર કચ્છમાં વરસાદની વકી

## ગાંધીનગરમાં મુખ્યસચિવના અધ્યક્ષે યોજાઈ ઉચ્ચસ્તરીય બેઠક : સેના સ્ટેન્ડબાય પર : એરફોર્સની મદદ પણ લેવાશે : ઈસરો દ્વારા ભૂજ, દયાપરમાં વી-સેટ નોડ ગોઠવાશે

ગાંધીનગર, તા.૨૯

રાજ્યના મુખ્ય સચિવ ડો. વરેશ સિન્હાએ આજે સ્ટેટ ક્રાઈસીસ મેનેજમેન્ટ ગ્રુપની બેઠકમાં અરબી સમુદ્રમાં ઉદભવેલા નિલોફર વાવાઝોડાના પરિણામે ઉભી થયેલ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારના વિવિધ વિભાગો, કેન્દ્ર સરકારની વિવિધ એજન્સીઓ તેમજ અન્ય એજન્સીઓ સાથે વિગતવાર સમીક્ષા માટે વધુ એક બેઠક યોજી હતી. મુખ્ય સચિવ ડો. વરેશ સિન્હાએ જણાવ્યું હતું કે, રાજ્યનું વહીવટી તંત્ર કોઈપણ પ્રકારની વિકટ પરિસ્થિતિને પહોંચી વળવા સક્ષમ છે. તેમણે ઉમેર્યુ હતું કે, એનડીઆરએફની ૯ ટીમો ગઈ કાલ સુધી કાર્યરત કરવામાં આવી હતી અને આજે વધુ ૩ ટીમો કચ્છ, ઉના અને દ્વારકા ખાતે મોકલી આપવામાં આવી છે. આર્મીની ૬ કોલમ કચ્છ, ૩ જામનગર ખાતે સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. એરફોર્સની પણ મદદ માટેની તૈયારી રાખવામાં આવેલ છે. હેમ રેડીયોની ટીમો નક્કી કરેલ સ્થળે પહોંચી ગયેલ છે. અને સંચારમાં એક વધારાની વ્યવસ્થા તરીકે ઈસરોને વીસેટ નોડ કચ્છ-ભૂજ અને દયાપરમાં ગોઠવવા સૂચનાઓ આપવામાં આવી છે. આ સંચાર વ્યવસ્થા સેટેલાઈટ આધારિત અદ્યતન ટેકનોલોજીવાળી છે. એનડીઆરએફની ટીમો સાથે પણ સીધી સંચાર વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ઉપરાંત કેન્દ્ર તરફથી ફાળવવામાં આવેલ છે. જીએસડીએમએ પણ રેસ્ક્યુ વાન, ડી વોટરીંગ પંપ તેમજ અન્ય સાધન સામગ્રીઓની પણ વ્યવસ્થા જે તે સ્થળોએ ગોઠવવાની સૂચનાઓ આપવામાં આવેલી છે.



રીલીફ કમિશ્નર ડીએન પાંડેએ પત્રકારો સાથેની વાતચીત સાથે જણાવ્યું હતું કે, ૧લી નવેમ્બરના બદલે વાવાઝોડુ હવે ૩૧મી ઓક્ટોબરની રાત્રે આવી શકે તેવી શક્યતાઓ રહેલી છે. વાવાઝોડુ થોડું ઢીલું પડ્યું છે અને ૩૧મી ઓક્ટોબરે જ્યારે શરૂ થશે ત્યારે ૪૫ કિમીની ઝડપ રહેશે અને દરિયાકાંઠે તેની મહત્તમ ઝડપ ૮૦ કિમી કલાકની રહેશે. વરસાદની પણ ૩૧મી ઓક્ટોબરે શરૂઆત થશે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં ૨ ઈંચથી ૧૦ ઈંચની વરસાદની શક્યતાઓ રહેલી છે.

લોકોને બીન જરૂરી રીતે ઘરની બહાર નહીં નીકળવા અને વહીવટી તંત્રને સાથ આપવા અપીલ કરવામાં આવી છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર ખાતે હોમ રેડીયો તથા એનડીઆરએફ તરફથી એચએફ સીસ્ટમ ઉભી કરવામાં આવી છે. જેથી કચ્છના આંતરીયાળ તથા દરિયા કિનારાના વિસ્તારમાંથી તાત્કાલીક મેસેજની આપ-લે થઈ શકે છે. આ ઉપરાંત મહેસુલ વિભાગે ચાર નાયબ કલેક્ટરોની સેવાઓ કચ્છ કલેક્ટરને હવાલે મુકવામાં આવી છે.

# સિસિકાની બેઠક અને સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

સિનિયર સિટીજન કાઉન્સિલની માસિક બેઠક અને સ્નેહમિલન સમારોહ યોજવામાં આવશે. તા. ૩૧ ઓક્ટોબર, શુક્રવાર સાંજે ૪.૦૦ વાગે સેક્ટર-૭ સ્થિત લેઉઆ પટેલ સમાજવાડી ખાતે યોજાશે. બેઠકમાં તમામ સભ્યો વિક્રમ સંવત-૨૦૭૧ ના નવા વર્ષની ઉજવણી કરશે તેમ મંત્રી મહેન્દ્રભાઈ શાહે જણાવ્યું છે.

# સૌર ઉર્જા સંચાલિત વિમાન અમદાવાદમાં પણ રોકાશે

## વારાણસીમાં ઉતરાણ કરવાની યોજના : આગામી વર્ષે માર્ચમાં વિમાન અબુધાબીથી અમદાવાદ માટે ઉંડાણ ભરશે : સોલાર વિમાનને લઇ ભારે ઉત્સુકતા

અમદાવાદ,તા. ૨૯

સમગ્ર દુનિયામાં ફરવાના ગાળા દરમિયાન વિશ્વના સૌથી પ્રથમ સૌર ઉર્જા સંચાલિત વિમાન અમદાવાદ અને વારાણસીમાં પણ રોકાણ કરશે. આ અનોખો પ્રયોગ સ્વિત્ઝર્લેન્ડમાં કરવામાં આવ્યો છે. આગામી વર્ષે માર્ચ મહિનામાં સોલાર ઈમ્પલ્સ નામનું આ વિમાન અબુધાબીથી અમદાવાદ માટે ઉંડાણ ભરશે જ્યાંથી તે સીધીરીતે વારાણસી જશે. આ વિમાન વારાણસીથી પ્રશાંત મહાસાગર તરફ ઉંડાણ ભરશે. આનુ કારણ રાજનીતિ નહીં બલ્કે હવાની દિશા છે. મનોવૈજ્ઞાનિક અને સોલાહ ઈમ્પલ્સ યોજના શરૂ કરનાર બર્ટ્રેડ પિકાર્ડને હાલના દિવસોમાં બંને સ્થળોની પસંદગી કરવા માટે હવાની દિશા મહત્વપૂર્ણ રહી છે. તેમણે કહ્યું છે કે, જ્યારે તેઓ અમદાવાદમાં હતા ત્યારે અમદાવાદમાં નરેન્દ્ર મોદીને બે વખત મળ્યા હતા. આ બંને સ્થળોની પસંદગી હવામાનની જરૂરિયાત છે. ભારતમાં ઉતરાણ કરવાની મંજુરી માંગવામાં આવી હતી. ડીજીસીએ, એએઆઈ અને ઉર્જા નવીનીકરણ મંત્રાલયના સંપર્કમાં છે. અમે ચીન પાસે પણ ઉતરાણની મંજુરી માંગી ચુક્યા છે. ૧૧ વર્ષ જુની આ યોજના માટે ઓમેગા, સિન્ડલર સહિત ઘણી ખાનગી કંપનીઓ દ્વારા ૧૫૦ મિલિયન ડોલરની ફંડિંગની માંગણી કરવામાં આવી ચુકી છે. અબુધાબીથી શરૂ થનાર ઉંડાણ દરિયાથી થઈને ભારત ચીનના રસ્તે પ્રશાંત મહાસાગર, અમેરિકા, એટલાન્ટિક મહાસાગર અને યુરોપ જેવા દેશોમાં થઈને તેની યાત્રા પૂર્ણ કરશે. આ વિમાનમાં ૭૨ મીટરની પાંખડીયો છે જે બોઈંગ ૭૪૭ની પાંખડિયો કરતા વધુ છે. આ વિમાનમાં માત્ર એક જ પાયલોટ રહી શકે છે. તેમણે કહ્યું છે કે, અમારી પ્રાથમિકતા યાત્રીઓને લઈ જવાની નથી બલ્કે પ્રાથમિકરીતે સૌર ઉર્જા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની છે.

# દાનમાં મળેલા જમીન અને નાણાં અંગે નીતિ જાહેર

## સંપૂર્ણ સુવિધા સાથે આઈઆઈટીના મકાનનું બાંધકામ કરી અપાય તો સંસ્થા સાથે દાતાનું નામ પણ જોડી શકાશે

ગાંધીનગર, તા.૨૯

રાજ્યના દિન પ્રતિદિન થતા વિકાસને ધ્યાને લઈ વિવિધ કૌશલ્ય ધરાવતી માનવશક્તિની રાજ્યને જરૂરીયાત છે. જેના ભાગરૂપે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા ઔદ્યોગિક તાલીમ સંસ્થા શરૂ કરવા નવીનીકરણ માટે દાતાઓ તરફથી દાનમાં મળનાર જમીન અથવા મશીનરી કે નાણાં અંગે નીતિ નક્કી કરવામાં આવી છે.

ડાયરેકટર જનરલ ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ ટ્રેનીંગ, નવી દિલ્હીના નોર્મ્સ મુજબ આઈટીઆઈ માટે જો કોઈ દાતા જમીન આપે તથા તે જમીન ઉપર આઈટીઆઈના બાંધકામ માટે થનાર ખર્ચની રકમના ૧૦ ટકા જેટલી રકમનું દાન આપે, તો તે સંસ્થાની સાથે દાતાનું નામ અથવા દાતા ઈચ્છે તે વ્યક્તિનું નામ જોડવાની મંજુરી આપી શકાય. જો કોઈ દાતા સરકારી જમીન ઉપર સંપૂર્ણ સુવિધા યુક્ત આઈટીઆઈના મકાનનું બાંધકામ કરી આપે તો તે સંસ્થાની સાથે તે દાતાનું નામ જોડવાની મંજુરી આપી શકાય. જો કોઈ દાતા માત્ર કોઈ ટ્રેડ વ્યવસાય માટે કાર્યશાળાનું બાંધકામ કરી આપે તો તે બાબતનો ઉલ્લેખ કરતી દાતાના નામની તકતી કાર્યશાળાના મુખ્ય દરવાજા પર મુકવાની મંજુરી આપી શકાય. કોઈપણ દાતા તરફથી દાનમાં મળેલ જગ્યાની માલિકી સરકારને તે જમીન દાનમાં મળ્યા બાદ સરકારની રહેશે અને તે અંગે સરકારી રેકર્ડમાં તે જમીન, મકાન, મિલકત ચડાવવાની રહેશે.

ભવિષ્યમાં દાનમાં આપવામાં આવેલી જમીન, મકાન, મિલકત અને મશીનરી, ઈક્વીપમેન્ટ દાન આપનાર દાતાના વાલી, વારસો પરત માંગી શકશે નહીં. કોઈપણ આઈટીઆઈ માટે કોઈપણ રકમ દાનમાં મળે અને તેના દ્વારા કોઈપણ સાધન સામગ્રી ખરીદી કરવામાં આવે અથવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવામાં આવે તો તેની માલિકી સરકારની રહેશે. ઈન્કમટેક્ષ એક્ટ મુજબ પાંચ લાખથી ઓછી વસતી ધરાવતા ગ્રામ્ય અને સેમી શહેરી વિસ્તારની વોકેશનલ ટ્રેનીંગ માટે દાન આપનારને ઈન્કમટેક્ષમાંથી રાહત મળવાપાત્ર થાય છે.

## શબ્દાવલી - ૫૫૪૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ૩ | ■ | ૪ | |
| | ■ | ■ | ૫ | | | | ■ |
| ૬ | ૭ | ૮ | ■ | | ■ | ૯ | ૧૦ |
| ■ | ૧૧ | | | ■ | ૧૨ | | |
| ■ | ૧૩ | | ■ | ■ | ૧૪ | | ■ |
| ૧૫ | | | ■ | ૧૬ | | ■ | ૧૭ |
| | ■ | ■ | ૧૮ | ■ | ૧૯ | ૨૦ | |
| ૨૧ | | | | ■ | ૨૨ | | |

### આડી ચાવી

૧. પ્રયોગશાળા (૫)
૪. ભમરો, ભ્રમર (૨)
૫. અત્યારે હળાહળ... ચાલે છે (૪)
૬. ચાકર, નોકર (૩)
૯. એક નદીનું નામ (૨)
૧૧. ડફ, એક વાદ્ય (૩)
૧૨. ચેતેલ ના હોય તેવું, બેધ્યાન (૩)
૧૩. વચન, વાયદો (૨)
૧૪. સાજન, હસબન્ડ (૨)
૧૫. બહાદુર (૩)
૧૬. મરી મીટવું, કુરબાની (૨)
૧૯. આશરો, તેરી... મેં હમે રખના (૩)
૨૧. અડધી રાત (૪)
૨૨. દ્દષ્ટિ (૩)

### ઊભી ચાવી

૧. ચોર, લુંટનાર, લુંટારો (૩)
૨. ટંકાવાથી થતો અવાજ(૨)
૩. એક થિયેટર (અમદાવાદમાં) ના નામે આ રોડ ઓળખાય છે (૩)
૪. દુરંદેશી (૫)
૭. ઠંડીમાં ગળે વીંટાય તે કાપડ (૪)
૧૦. કલ્યાણ (૨)
૧૨. પોતાનાપણું, એક હિન્દી ફિલ્મ (૫)
૧૫. કાયદો, રિવાજ (૩)
૧૭. પહોર, ઘડી, સમય (૩)
૧૮. વાયુ, વાર્તા (૨)
૨૦. અભિમાન, ગર્વ (૨)

### શબ્દાવલી ૫૫૪૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) આરામદાયક (૬) સજન (૭) ગળો (૮) માદ્ય (૯) અસ્વીકાર (૧૦) નરક (૧૨) જવ (૧૪) મધ (૧૬) કામળો (૧૭) જામફળ (૧૯) ગોળી (૨૦) લપલપીયું (૨૧) સજા

**ઊભી ચાવી :-** (૧) આસમાન (૨) રાજદ્વાન (૩) મન (૪) યશસ્વી (૫) માળો (૭) ગરજ (૧૧) કમળો (૧૩) વરાળ (૧૫) દામ (૧૬) કાજલ (૧૭) જાળીયુ (૧૮) ફણસ (૧૯) ગોપી

## નિલોફર નબળું પડ્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્થળોએ રવાના કર્યા બાદ આરોગ્ય વિભાગની ટુકડીઓને પણ જરૂરી સાધન-સામગ્રી સાથે સંભવિત અસરગ્રસ્ત વિસ્તારોમાં રવાના કરવામાં આવી છે. આજે મળેલી પ્રધાનમંત્રીની બેઠકમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલે તમામ જિલ્લા પ્રભારી પ્રધાનો તથા સચિવોને પોતાના જિલ્લા ન છોડવા તેમજ રાહતના બચાવ કાર્યના સંકલનમાં મદદરૂપ થવા સુચનાઓ આપવામાં આવી હતી તેમજ કેટલાક પ્રધાનોને અસરગ્રસ્ત વિસ્તારોમાં રવાના કર્યા હતા. જે પૈકી ગોવિંદભાઈ પટેલને દ્વારકા, શંકર ચૌધરીને કચ્છ, વસુબેન ત્રિવેદીને જામનગર તથા બાબુભાઈ બોખીરીયાને પોરબંદરની વિશેષ જવાબદારી સોંપી રવાના કર્યા છે. ગુજરાતમાં કુલ મળીને ૪૦ જેટલા સ્થળોએ બચાવદળો ગોઠવી દેવામાં આવ્યા છે તેમાં મુખ્યત્વે જખૌ, દ્વારકા, પોરબંદર, સુરત, કંડલા, હજીરા વગેરે સ્થાનોએ ખાસ પૂર્વ તૈયારી કરી દેવામાં આવી છે.

વાવાઝોડા દરમિયાન સંવેદનશીલ સ્થળોમાં બચાવ કામગીરી માટે એનડીઆરએફની બે ટીમ રિઝર્વ રાખવામાં આવી છે જ્યારે સમગ્ર રાજ્ય માટે વધુ ૯ ટીમ રિઝર્વ રાખવામાં આવી છે. આ કામગીરી માટે મહારાષ્ટ્રના પૂના, પંજાબના ભટીંડા અને ગુજરાતના વડોદરામાંથી વટાલીનીયોને બોલાવવામાં આવી છે. શુક્રવારની મધરાત્રે નિલોફર વાવાઝોડું ત્રાટકવાની શક્યતાને ધ્યાનમાં રાખી સંભવિત અસરગ્રસ્ત વિસ્તારો સહિત રાજ્યના પાટનગર ગાંધીનગરમાં ૨૪ કલાક કાર્યરત રહેતા કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યા છે.

દરમિયાન ભરૂચ જિલ્લાના ૧૨૦ કિલોમીટરના દરિયાકાંઠામાં નિલોફર ચક્રવાતની સંભવિત તારાજીને ધ્યાનમાં લઈ ત્રણ તાલુકાઓમાંથી આશરે ૩૦૦૦થી વધુ લોકોને સલામત સ્થળે ખસેડવાની કામગીરી શરૂ કરવામાં આવી છે જ્યારે માંડવી અને લખતપતના ૫૦ ગામો સંપૂર્ણ રીતે ખાલી કરવામાં આવ્યા છે. સુરેન્દ્રનગરના હળવદ, ધ્રાંગધ્રા અને પાટડીમાં આવેલા રણ વિસ્તારમાં મીઠુ પકવાનો કામ કરતા અગરીયાઓને તેમના પરિવાર સાથે સલામત સ્થળે જતા રહેવા વહીવટી તંત્રએ કડક આદેશ કર્યા છે જ્યારે પોરબંદર શહેરના તમામ હોર્ડીંગ અને બોર્ડ વગેરે તાત્કાલીક ઉતારી લેવા જિલ્લા કલેક્ટરે આદેશ બહાર પાડ્યા છે અને આ આદેશનું પાલન નહીં કરનાર સામે ફોજદારી રાહે કાર્યવાહી કરવાની પણ સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે.

## વાતાવરણમાં પલટો

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યારે આગામી સમયમાં અન્ય વિસ્તારોમાં પણ ૧ થી૧૦ ઈંચ જેટલો વરસાદ નોંધાવાની શક્યતા પણ હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

ભારે પવન અને સુસવાટા સાથે દરિયાકિનારાના વિસ્તાર ધોધમાર વરસાદ ખાબકતા તેની સીધી અસર રાજ્યના અન્ય જિલ્લામાં વર્તાઈ રહી છે. વરસાદના પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. જેની અસર નાગરિકો અનુભવી રહ્યા છે. હાલ શહેરમાં નિલોફર ટોક ઓફ ધ ટાઉન બની રહ્યું છે.

## ગાંધીનગરાઓ નાદુરસ્ત

● અનુસંધાન પહેલાનું ચાલુ

થતી વિગતો મુજબ નૂતન વર્ષના દિવસે સિવિલ હોસ્પિટલમાં ૨૨ નવજાત શિશુઓએ જન્મ લીધો હતો.

ગાંધીનગરમાં સિવિલ હોસ્પિટલમાં દિપાવલીના આ પર્વો દરમ્યાન દાઝી જવાના કેસ નહિવત નોંધાયા છે જે એક નોંધનીય ઘટના બની રહી છે. આ વખતે દારૂખાનુ સારૂ એવુ જરૂર ફુટ્યુ પરંતુ દાઝી જવાની ઘટનાઓ ઓછી બની છે.

આ પર્વો દરમ્યાન વાઈરલ ઈફેક્શનના દર્દીઓ વધુ નોંધાયા છે. ગળામાં ખીખખીચ અને પેટના સામાન્ય દુ:ખાવાની ફરિયાદો સાથે તાવની ફરિયાદ કરનારા દર્દીઓ પણ મોટી સંખ્યામાં નોંધાયા છે.

સામાન્યત: ગાંધીનગરમાં તબીબો દિપાવલીના પર્વો દરમ્યાન પ્રવાસે જતા હોય છે ત્યારે આ વખતે ગાંધીનગર સિવિલના તબીબોએ બજાવેલી આ સેવાઓ નોંધનીય બની ઉભરી છે.

# રશ્મિ શાહ મિસિસ ઈન્ડિયા વર્લ્ડવાઈડ-૧૪માં રનરઅપ

અમદાવાદ, તા.૨૯

તાજેતરમાં નવી દિલ્હીમાં સાઈ એન્ટરટેન્મેન્ટસ દ્વારા બીએમડબલ્યુ, વીએલસીસી, એનડીટીવી, આલ્પસ, આઈઆઈએફટી જેવા પાર્ટનરોના સહયોગમાં મિસિસ ઈન્ડિયા વર્લ્ડવાઈડ ૨૦૧૪ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં કુલ ૩૨ શોર્ટલીસ્ટ થયેલા સ્પર્ધકોમાંથી ૧૫ સ્પર્ધકોને અંતિમ રાઉન્ડ માટે પસંદ કરવામાં આવ્યા હતા. તેમણે વિવિધ બોલીવુડ સંખ્યાઓમાં ચારના જૂથમાં પરફોર્મ કર્યું હતું.

છેલ્લા સ્તરમાં પાંચ સ્પર્ધકોને સવાલ-જવાબ માટે પસંદ કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં અમદાવાદની જાણીતી એનજીઓ યુવા અનસ્ટોપેબલનાં સ્થાપક અને મેનેજીંક ટ્રસ્ટી અમિતાભ શાહનાં પત્ની રશ્મિ અમિતાભ શાહને રનરઅપ તરીકે ઘોષિત કરવામાં આવ્યા હતા.

## રેડીયો સ્ટેશન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉપયોગ કરવા પણ નિર્ણય લેવાયો છે. આ સંસ્થાના ચેરમેન ડૉ. એસ.કે. નંદાની સુચનાથી કચ્છ-સૌરાષ્ટ્રના દરિયાકાંઠે છ હેમ રેડીયો સ્ટેશન કાર્યરત કરી દેવામાં આવ્યા છે. હેમ રેડીયો નેટવર્કનું કો-ઓર્ડીનેશન કરનાર પી.સી. વલેરાના જણાવ્યાનુસાર કચ્છમાં નલીયા, ગાંધીધામ અને ભુજમાં ત્રણ ટીમો તથા સૌરાષ્ટ્રમાં દ્વારકા, પોરબંદર અને રાજકોટમાં ત્રણ ટીમો મળીને છ ટીમો શરૂ કરેલા છ હેમ રેડીયો સ્ટેશન મોકલી દઈ સ્ટેશનો કાર્યરત કરી દેવાયા છે. તે ઉપરાંત ત્રણ ટીમનો રીઝર્વ રાખવામાં આવી છે. નેટવર્કનું કોઓર્ડીનેશન સ્ટેટ રીલીફ કંટ્રોલ રૂમમાંથી કરવામાં આવશે.

ટચૂકડી જાહેર ખબર

**વાઘેલા ક્લિનીંગ**

દરેક પ્રકારના સોફા શેમ્પુ, ચૈર શેમ્પુ વૉશીંગ માટે બુકીંગ કરવા વિનંતી

૯૮૨૪૯ ૫૯૦૧૫